શ્રદ્ધા હોય તો થોડી ઘણી પણ સફળતા મળે, પણ શ્રદ્ધા વિનાના પ્રયત્નથી તો નિષ્ફળતા જ મળે
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૮૨ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૨, મંગળવાર; અધિક ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ વર્ષમાં દિગ્વિજય દિવસે ભારતીય સંસ્કૃતિને વિશ્વ ફલક પર લઈ જવાની શક્તિ અને દૃષ્ટિ પ્રાપ્તિ માટેની પ્રાર્થના...

જિલ્લાના પચાસ ટકા ગામોનો નર્મદાના પાણી માટેનો ઈન્કાર

જિલ્લાનાં ૨૯૧ ગામોમાંથી ૧૪૬ ગામોએ ગામના સ્ત્રોતમાંથી જ પાણી મેળવવાનો નિર્ણય કર્યો જેમાં કલોલના ૨૧, માણસાના ૨૨, દહેગામના ૬૬ અને ગાંધીનગરના ૩૬ ગામોનો સમાવેશ થાય છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ૫૦ ટકા ગામોએ નર્મદાનું પાણી લેવા માટે નનૈયો ભણી દીધો છે અને આ માટે જિલ્લાતંત્રને ગ્રામ્યજનોને આ માટે સમજાવવાનો મોટો પડકાર ઉભો થયો છે.

જિલ્લાના ૨૯૧ ગામમાંથી ૧૪૬ ગામોએ નર્મદાનું પાણી નહિ લેવાનું અને ગામના સ્ત્રોતમાંથી જ પાણી પુરવઠો મેળવવાનો નિર્ણય કરી તે અંગેની જાણ પાણી પુરવઠા વિભાગને કરતાં આ વિભાગે જિલ્લા વહીવટીતંત્રનું ધ્યાન દોર્યું છે.

ગાંધીનગર જિલ્લો ઓવર એક્સપલોઈટેડ કેટેગરીમાં સમાવિષ્ટ થયો હોવાથી પાણી પુરવઠા બોર્ડે જિલ્લામાં નર્મદાનું પાણી પુરૂ પાડવા માટે ત્રણ જેટલી જુદી જુદી યોજનાઓ બનાવી છે. હાલ જિલ્લામાં ૧૪૫ ગામોને નિયમિતરીતે નર્મદાનું પાણી આપવામાં આવી રહ્યું છે. જો કે ૧૪૬ ગામોએ આ પાણી લેવાનો ઈન્કાર કરી દીધો છે.

મળતી વિગતો મુજબ જે ૧૪૫ ગામોએ પાણી મેળવવાનો ઈન્કાર કર્યો છે તેમાં કલોલ તાલુકાના ૨૧ ગામ, માણસા તાલુકાના ૨૨ ગામ, ગાંધીનગર તાલુકાના ૩૬ અને દહેગામ તાલુકાના ૬૬ ગામનો સમાવેશ થાય છે.

જિલ્લાના ૧૭૮ ગામમાં પીવાના પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે. તાજેતરમાં ચોમાસા પૂર્વે જિલ્લામાંથી મેળવાયેલા ૪૦૦ થી પણ વધુ નમૂનાઓમાં ૩૪ ગામના પાણી પીવાલાયક નહિ હોવાનું જણાયુ હતુ.

જિલ્લામાં પાણીની સમસ્યા આગામી દિવસોમાં ગંભીર સ્થિતિનું સર્જન કરી શકે તેવી સમસ્યા પણ તંત્રવાહકોને છે અને એટલે જ નર્મદાનું શુદ્ધ કરેલ પાણી આપવા માટે ગ્રામ્યજનોને સમજાવવામાં તંત્ર પોતાની વગનો ઉપીયોગ કરે તેવો આગ્રહ કરવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં નર્મદાનું પાણી આપવા માટેનું નેટવર્ક તૈયાર હોવાનું પણ બોર્ડના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ માટે ત્રણ જેટલી યોજનાઓ પણ તૈયાર કરી દેવામાં આવી છે તે બધી જ યોજનાઓ હાલ કાર્યરત હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

જો કે મળતી વિગતો મુજબ ગ્રામજનો તેમના સ્થાનિક સ્ત્રોત પર વધુ મદાર રાખી રહ્યા છે અને જ્યારે જ્યારે સ્થાનિક સ્ત્રોતમાં

● અનુસંધાન પાન-૭ પર

રાસાયણિક ખાતરનો વપરાશ વધતાં ભૂગર્ભ જળ પર પણ વિપરીત અસરો જોવા મળી

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લામાં રાસાયણિક ખાતરોનો વપરાશ વધતાં ભૂગર્ભ જળમાં પણ તેની અસરો જોવા મળી રહી છે અને ભૂગર્ભ જળમાં નાઈટ્રેટનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના જે ૩૪ ગામોમાં પાણી પીવાલાયક નહિ હોવાનું પાણીના નમુનાઓના પરીક્ષણમાં જણાયુ છે તેમાં ૧૭ થી વધુ ગામોમાં નાઈટ્રેટનું પ્રમાણ વધુ જણાયુ હોવાનું જણાતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે પાણીમાં જો ફ્લોરાઈડનું પ્રમાણ વધારે જણાય તો દાંત પર ડાઘા તેમજ સાંધાના રોગ થાય છે જ્યારે નાઈટ્રેટનું તત્વ વધુ જોવા મળે તો સ્કીન અને પેટના રોગનું પ્રમાણ વધુ જોવા મળે છે.

પાણીની ગુણવત્તાના નમૂનામાં દહેગામના ૧૨ ગામના નમૂના ગાંધીનગરના ૧૦ ગામના નમૂના, કલોલના પાંચ ગામના નમૂના અને માણસાના ૭ ગામના નમૂના પરીક્ષણમાં અનફીટ જાહેર થયા હતા.



મોંડા પડેલા ચોમાસામાં હવે સૂરજ વાદળો વચ્ચે સંતાકૂકડી રમી રહ્યો છે અથવા તો એમ કહી શકાય કે વાદળો સૂરજને ઢાંકવા મેદાને પડ્યા છે. એકબીજાથી આગળ થવાની આ હોડમાં સોમવારે વહેલી સવારે આકાશમાં મેઘધનુષનો સુંદર નઝારો જોવા મળી ગયો હતો. અલબત્ત, સૂરજદાદા ને વાદળોની સ્પર્ધા એટલી ઝડપી હતી કે આ નઝારો માત્ર બે જ મિનીટ પૂરતો જોવા મળી શકયો હતો. (તસવીર : સોમ્યા જોષી)

છોટાઉદેપુર નવો જિલ્લો બનશે

ગુજરાતના ૨૮મા જિલ્લા તરીકે છોટાઉદેપુર જિલ્લો ૨૬ જાન્યુઆરી ૨૦૧૩થી કાર્યરત થઈ જશે : મુખ્યમંત્રી મોદી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છોટાઉદેપુર ખાતે આદિવાસી મહાસંમેલનમાં ગુજરાતના નવા જિલ્લા તરીકે છોટાઉદેપુર જિલ્લો રચવાની ઘોષણા કરી હતી. રાજ્યનો આ ૨૮મો જિલ્લો-છોટાઉદેપુર જિલ્લો આગામી ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ થી કાર્યરત થશે.

નવા છોટાઉદેપુર જિલ્લામાં કયા તાલુકા અને ગામોનો સમાવેશ થઈ શકે તેની વહીવટી પ્રક્રિયા માટે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને ઉચ્ચ સમિતી રચી છે. એમ તેમણે જણાવ્યું હતું. ગીરસોમનાથના રાજ્યના

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના અધિક કલેક્ટર ડી. બી. મહેતા બદલાયા

નવા અધિક કલેક્ટર તરીકે શ્રી મોઠિયા મુકાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના નિવાસી અધિક કલેક્ટરશ્રી ડી. બી. મહેતાની બદલી ગુડામાં કરવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને અમદાવાદના ડે. મ્યુનિસિપલ કમિશનરશ્રી મોઠિયા એમ. ડી. ને નિમવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર તરીકે સેવાઓ આપી ચૂકેલા શ્રી સી. આર. ખરસાણને અમદાવાદના ડે. મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમવામાં આવ્યા છે.

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે ૩૫ એડી. કલેક્ટરોની બદલીના હુકમો જારી કર્યા છે. હવે એડી. કલેક્ટર તરીકે બઢતીના હુકમો એકાદ સપ્તાહમાં જ કરવામાં આવી તેવી શક્યાઓ છે.